# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૯ તા.૦૭-૧૦-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- તા. ૭ થી ૧૫ ઓકટોબર-૨૦૨૪ વિકાસ સપ્તાહની ઉજવણી બાબત.**
**સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૩૫૬૪-૩૬૨૪ તા. ૦૭-૧૦-૨૦૨૪**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓકટોબર-૨૦૨૪ સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. વિકાસ સપ્તાહ અંતર્ગત ગુજરાતના વિકાસને કેન્દ્રમાં રાખી પ્રાર્થના સભામાં ભારત વિકાસની પ્રતિજ્ઞા, ક્વીઝ, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, શાળાઓમાં પ્રવચન, ભીંતચિત્રો દોરવા વગેરે પ્રવૃત્તિ યોજી આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન મુજબ ઉજવણી કરવા જણાવવામાં આવે છે. કરેલ પ્રવૃત્તિની વિગતો સંદર્ભિત પત્રમાં જણાવેલ પત્રક અનુસાર ભરી જે-તે ઝોન કચેરીએ મોકલી આપવું તથા ઝોન કચેરીએ સંકલન કરી મુખ્ય ઓફિસ મોકલી આપવા સૂચના આપવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર, પત્રક, ભારત વિકાસ પ્રતિજ્ઞા અને માર્ગદર્શિકા

તા.૦૭-૧૦-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૩૫૬૪-૩૬૨૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૭/૧૦/૨૦૨૪

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- તા. ૭ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ વિકાસ સપ્તાહની ઉજવણી બાબત.
**સંદર્ભઃ**- માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અધ્યક્ષપદે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં આપેલ સૂચના.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. જેમાં હાથ ધરવાની થતી પ્રવૃત્તિઓ અંગે માન. અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા આજરોજ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આપ સૌને વિગતવાર માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ છે. તે અંગેનું પ્રેઝન્ટેશન આ સાથે સામેલ છે. તેમ જણાવ્યા અંગેની પ્રવૃત્તિઓ તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં યોજાય અને વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગુજરાતની વિકાસ ગાથાથી પરિચિત થાય તે માટે આપની કક્ષાએથી સઘન પ્રયત્નો હાથ ધરવા આથી સૂચના આપવામાં આવે છે. આપના જિલ્લામાં સરકારશ્રી દ્વારા સૂચિત કરેલ વિવિધ પ્રવૃત્તિઓ અંગે થયેલ કામગીરીની વિગતો દૈનિક ધોરણે તાલુકા અને શાળાઓમાંથી મેળવીને સંકલન કરી અત્રેની કચેરીને બીજા દિવસે સવારે ૧૧.૦૦ કલાક સુધીમાં અત્રેના ઈમેઇલ sankalan.dpe.guj@gmail.com પર અચૂક મોકલી આપવાનું રહેશે. માહિતી મોકલવાનું સામાન્ય સ્વરૂપ દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

એક જ દિવસે એક કરતાં વધારે પ્રવૃત્તિઓ થયેલ હોય તો તેની વિગતો અલગ અલગ પત્રક સ્વરૂપે રજૂ કરવી.

બિડાણઃ- પ્રેઝન્ટેશન અને પત્રક

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ-**
- અંગત સચિવશ્રી, માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાનાઃ-**
- સર્વે જિલ્લા લાઇઝન અધિકારીશ્રી, અત્રેની કચેરી, લાઇઝનના જિલ્લાઓ સાથે સંકલન કરી નિયમિત રીતે વિગતો એકત્ર કરવાની કામગીરી કરવા સારૂ.

# વિકાસ સપ્તાહ ઉજવણી

| જિલ્લો/નગર | | | | | તારીખઃ- | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ભાગ લેનાર શાળાઓની સંખ્યા | ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | ભાગ લેનાર શિક્ષકોની સંખ્યા | ભાગ લેનાર વાલી/ સમાજના આગેવાનોની સંખ્યા | કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવનું નામ અને ટૂંકો પરિચય |
| | | | | | | |
| | | | | | | |

# ભારત વિકાસ પ્રતિજ્ઞા

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે..

- મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.
- હું સ્વનો વિચાર કરતા પહેલા સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.
- હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.
- હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.
- જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ.

જય હિન્દ... ભારત માતા કી જય....

CamScanner

सत्यमेव जयते

# CELEBRATING 23 YEARS




‘વિકાસ સપ્તાહ’ 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

# વિકાસ ગાથા

- ૭મી ઓક્ટોબર, ૨૦૦૧નો સૂર્યોદય ૨૧મી સદીના ભારતના ઈતિહાસમાં એક નવલું પ્રભાત લઈને ગુજરાતથી થયો. આ દિવસ ગુજરાતની વિકાસ ગાથાનો કરવટ બદલવાનો દિવસ બન્યો.

- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબરે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસની રાજનીતિના એક નવા અધ્યાયની શરૂઆત થઈ.

- ૨૦૧૪ થી ૨૦૨૪ના દાયકામાં તો સમગ્ર ભારત શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વની પાંચમી મોટી આર્થિક સત્તા બનીને વિકસિત રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે.



# વિકાસ ગાથા

CELEBRATING 23 YEARS
'વિકાસ સપ્તાહ' 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

- વિશ્વમાં જ્યારે ક્લાઇમેટ ચેન્જની માત્ર વાતો થતી હતી ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં અલાયદો ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કરીને જળવાયું પરિવર્તન સામે લડવાની નવી દિશા આપી હતી.

- એટલું જ નહિ, નારીશક્તિ–માતૃશક્તિના સામર્થ્યને ઉજાગર કરવા તથા સ્ત્રી સશક્તિકરણને વેગ આપવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ શરૂ કરાવ્યો અને ગુજરાત દેશમાં નારી ગૌરવ નીતિ બનાવનારું પહેલું રાજ્ય બન્યું.

- વનબંધુ કલ્યાણ યોજના દ્વારા ગુજરાતના આદિજાતિ બાંધવોના જીવનમાં પરિવર્તન લાવવાનું કામ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું.



# વિકાસ ગાથા

- ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી, સૌની અને સુજલામ્ સુફલામ્ યોજનાથી જળક્રાંતિ, કૃષિ મહોત્સવ, ગરીબ કલ્યાણ મેળા, શાળા પ્રવેશોત્સવ જેવા જનહિતકારી ઉપક્રમો સફળતાથી પાર પાડ્યા. એટલું જ નહીં ગુજરાતે દેશની પહેલી સોલાર પોલિસી બનાવીને દેશમાં પુનઃ પ્રાપ્ય(રિન્યૂએબલ) ઉર્જા ક્ષેત્રમાં નવો માર્ગ ચીંધ્યો.

- વાયબ્રન્ટ સમિટથી ગુજરાતની વૈશ્વિક ઓળખ ઊભી થઈ અને ગુજરાત ગ્લોબલ ગેટવે ટુ ધી ફ્યુચર બન્યું. એટલું જ નહિં, ફાર્માસ્યુટિકલ હબ, ઓટો હબ, મેન્યુફેક્ચરિંગ હબ, સેમિકન્ડક્ટર હબ જેવા વિવિધલક્ષી પ્રોજેક્ટ્સ, પ્રો–પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાત દેશ વિદેશના ઔદ્યોગિક રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે.

- વાઇબ્રન્ટ સમિટની આ ઉત્તરોત્તર સફળતાથી પ્રેરિત થઈને દેશના અન્ય રાજ્યોએ પણ આવી સમિટ તેમના રાજ્યમાં શરૂ કરી છે.

- ગુજરાતે શ્રી નરેન્દ્રભાઇ મોદીના દષ્ટિવંત નેતૃત્વમાં ૨૦૦૧ થી ૨૦૨૪ સુધીના સમયમાં વિકાસના દરેક ક્ષેત્રે નવા બેન્ચમાર્ક સ્થાપ્યા છે.






# વિકાસ ગાથા

- કચ્છમાં વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રિડ પુનઃ પ્રાપ્ય(રિન્યૂએબલ) એનર્જી પાર્ક તેમના દિશાદર્શનમાં સ્થાપિત થઈ રહ્યો છે. આજે તો ગુજરાત પુનઃ પ્રાપ્ય(રિન્યૂએબલ) એનર્જી સેક્ટરના હબ તરીકે ઉભરી આવ્યું છે.

- કચ્છના રણને વિશ્વ પ્રવાસનનું તોરણ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાથી “ધોરડો”ને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બેસ્ટ ટુરિઝમ વિલેજ જાહેર કરવામાં આવ્યું છે. ભૂકંપ પછીના પુનર્વસનની ગાથા દર્શાવતા સ્મૃતિવનને આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત Prix Versailles એવોર્ડ દ્વારા વિશ્વના સૌથી સુંદર ૭ મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. યુનેસ્કો દ્વારા ગુજરાતના ગૌરવ, સાંસ્કૃતિક વિરાસત એવા ગરબાને “અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર” જાહેર કરવામાં આવ્યો છે.

- ૨૦૦૧ થી ૨૦૨૪નો સમય ગુજરાતના વિકાસનો સંક્રાંતિકાળ રહ્યો છે અને હવે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું લક્ષ્ય સિદ્ધ કરવા રાજ્ય સરકારની નેમ છે.



## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :–

CELEBRATING 23 YEARS
‘વિકાસ સપ્તાહ’ 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

### ૧. થીમેટિક દિવસો

આ સપ્તાહ દરમિયાન અલગ અલગ દિવસોમાં જરૂરીયાતમંદ પરિવારો, યુવા, મહિલા સહિત સમાજના તમામ વર્ગોના કલ્યાણ હેતુસર કાર્યક્રમો યોજવામાં આવશે. તે અંતર્ગત યુવા સશક્તિકરણ દિવસ, સુશાસન દિવસ, ઉદ્યોગ સાહસિકતા દિવસ, પોષણ અને આરોગ્ય, ખેડુત કલ્યાણ અને પ્રાકૃતિક કૃષિ દિવસની સાથો સાથ વિકાસ સપ્તાહ દરમિયાન વિકાસલક્ષી વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત યોજવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

### ૨. વિકાસ પદયાત્રા

શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રા સાથે જોડાયેલ જગ્યાઓનો સમાવેશ કરી પદયાત્રાનું આયોજન કરવામાં આવશે. આ પદયાત્રા દરમિયાન સહભાગીઓને આ સ્થળોનું શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રામાં શું મહત્વ અને યોગદાન છે તે અંગેની સમજણ  આપવામા આવશે.

CELEBRATING 23 YEARS
'વિકાસ સપ્તાહ' 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :–

### 3. સાંસ્કૃતિક કાર્યક્રમો

સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં પ્રદર્શન, લોકનૃત્યો અને વિકાસની ઉજવણી કરતા ગીતોનો સમાવેશ કરવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

### ૪. વિકાસ પ્રદર્શન

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત અને દેશમાં થયેલી પહેલો અને સરકારી યોજનાઓની સફળતાની ગાથા રજુ કરતાં પ્રદર્શનો રાજ્યના વિવિધ જિલ્લાઓમાં યોજવામાં આવશે.

# રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :–




## ૫. સોશિયલ /ડિજીટલ મીડિયા ઝુંબેશ

- “વિકાસ સપ્તાહ” હેશટેગ સાથે સોશિયલ મીડિયા ઝુંબેશ શરૂ કરી ગુજરાત/ભારતમાં સરકારની નીતિઓએ નાગરિકોના જીવન પર કેવી રીતે સકારાત્મક અસર કરી છે, સમુદાયની ભાવના બનાવી અને સર્જનાત્મકતા કેળવી છે, તે વિશે તેમની વાર્તાઓ અનુભવો વગેરે સાઝા કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આ ઝુંબેશ દરમ્યાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકેના ૨૩ વર્ષના સુશાસન અને સિદ્ધિઓ આવરી લેવામાં આવશે. તેમની સામે કયા પડકારો હતા અને તે પડકારોને કેવી રીતે પહોંચી વળ્યા તેને કેન્દ્રમાં રાખી અને કેવી રીતે એક મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સેવા કરતા–કરતા તેઓશ્રી સમગ્ર દેશની આશા બની ગયા તેને પણ ઉજાગર કરવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે "વિકાસ સપ્તાહ" નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :–




### ૬. સફળતાની ગાથા

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વિવિધ ક્ષેત્રોમાં થયેલા સુધારા અને પહેલોને કારણે પ્રાપ્ત થયેલી સફળતા વિશે વ્યાપારીઓ, યુવા ઉદ્યોગસાહસિકો વગેરેના TEDx જેવા ટોક–શોનું આયોજન કરવામાં આવશે.

# રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે "વિકાસ સપ્તાહ" નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

CELEBRATING 23 YEARS
'વિકાસ સપ્તાહ' 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

## ૭. યુવા વર્ગની સહભાગિતા


- યુવાઓ તેમનો વિકાસ પ્રત્યેનો દ્રષ્ટિકોણ વ્યક્ત કરવા હેતુસર પ્રોત્સાહિત થાય તે માટે શાળાઓ અને કોલેજોમાં વિકાસની થીમ ઉપર નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજવામાં આવશે.
- સુશાસન વિશે શાળાઓ અને કોલેજોમાં ઈન્ટરેક્ટિવ વર્કશોપ આયોજિત કરી તેમજ ગુજરાતના ભવિષ્યને ઘડવામાં યુવાનોને તેમની ભૂમિકા વિશે ચર્ચા કરવા અને સમજવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ માટેના વિઝનને અનુરૂપ હોય તેવા નવા પ્રોજેક્ટસ માટે વિચારો રજુ કરી શકે તેવા ઈનોવેશન ચેલેન્જનું આયોજન પણ કરવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે "વિકાસ સપ્તાહ" નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :–

### ૮. કલા સ્થાપત્ય(Art Installation)

**વિકાસ, સશક્તિકરણ અને એકતા વગેરેની થીમ્સને પ્રતિબિંબિત કરતાં રીસાયક્લ કરેલી સામગ્રી તેમજ સમુદાયના યોગદાનનો ઉપયોગ કરી, સાર્વજનિક કલા સ્થાપત્ય બનાવવા માટે સ્થાનિક કલાકારોનો સહયોગ મેળવવામાં આવશે.**

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :–




### ૯. વિકાસ રથ

મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી બનવા સુધીના શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પો અને સિદ્ધિઓને વિઝ્યુઅલ રીતે દર્શાવતા મોબાઈલ પ્રદર્શનો યોજવામાં આવશે. જેમાં ભુજ ભૂકંપ પુનઃનિર્માણ, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, ડિજિટલ ઈન્ડિયા મિશન, મેક ઇન ઈન્ડિયા, જન–ધન વગેરે વિષયો આવરી લેવામાં આવશે.

વધુમાં, આ વિકાસ રથયાત્રા દરમિયાન ગુજરાતના નાગરિકોને ગુજરાતના વિકાસમાં જોડાવા માટે પ્રતિજ્ઞા લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે "વિકાસ સપ્તાહ" નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

CELEBRATING 23 YEARS
'વિકાસ સપ્તાહ' 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

### ૧૦. ગુજરાત વિકાસ ઈનોવેશન એક્સ્પો

ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં યોગદાન આપનારા સ્ટાર્ટઅપ્સ, નવીન શોધ કરનારા અને ઉદ્યોગસાહસિકોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે. આ પ્રદર્શનમાં લાઈવ ડેમો, પ્રોટોટાઈપ શો–કેસ અને ઉદ્યોગસાહસિકો સાથે નેટવર્કિંગની તકોનું આયોજન કરવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે "વિકાસ સપ્તાહ" નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

### ૧૧. ગુજરાતના મહત્વના સ્થળોનું સુશોભન

ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ થયેલ વિકાસને હાઈલાઈટ કરવા અને જાગૃતિ લાવવા માટે સ્મૃતિવન, સ્ટેચ્યુ ઓફ યુનિટી, મહાત્મા મંદીર સહિતના મહત્વના સ્થળોને આ સપ્તાહ દરમિયાન સુશોભિત કરવામાં આવશે.

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે "વિકાસ સપ્તાહ" નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

### ૧૨. ભીંત ચિત્રો(Wall Painting)

**પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો ઉપર ભીંત ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.**

## રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે “વિકાસ સપ્તાહ” નિમિત્તે ઉજવવાના થતાં કાર્યક્રમો :-

CELEBRATING 23 YEARS
‘વિકાસ સપ્તાહ’ 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

### ૧૩. શાળાઓમાં પ્રવચનો તથા ક્વીઝનું આયોજન

ગુજરાતમાંથી લખપતિ દીદીઓ અને ડ્રોન દીદીઓ તેમજ અન્ય ક્ષેત્રમાં સફળતા મેળવેલ બહેનોને અતિથિ તરીકે બોલાવી શાળાઓમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારની શાળાઓમાં તેઓના પ્રવચનોનું આયોજન કરવામાં આવશે તથા શાળાઓમાં ગુજરાતની વિકાસ યાત્રાને કેન્દ્રમાં રાખી ક્વીઝનું આયોજન કરવામાં આવશે.


# વિકાસ સપ્તાહ – ૨૦૨૪
# દરમિયાન યોજવાના થતાં વિશેષ કાર્યક્રમો




- ભારત વિકાસ પ્રતિજ્ઞા
- વિકાસ પદયાત્રા
- લોકાર્પણ/ખાતમુહૂર્ત
- સોશ્યલ / ડિજીટલ મિડિયા ઝુંબેશ
- યુવા વર્ગની સહભાગિતા – શાળા/ કોલેજમાં નિબંધ સ્પર્ધા
- શાળામાં પ્રવચનો
- ગુજરાતના મહત્વના સ્થળોનું સુશોભન
- ભીતચિંત્રો– Wall Painting

CELEBRATING 23 YEARS
'વિકાસ સપ્તાહ' 7 થી 15 ઓક્ટોબર | ગુજરાત સરકાર

| ક્રમ | આઇકોનિક સ્થળ | જિલ્લો | મહત્વ |
|---|---|---|---|
| ૧ | સ્ટેચ્યુ ઓફ યુનિટી | નર્મદા | વિશ્વનું સૌથી મોટું સ્ટેચ્યુ |
| ૨ | અમદાવાદ રીવર ફ્રન્ટ | અમદાવાદ શહેર | દેશનો પહેલો રીવરફ્રન્ટ |
| 3 | સુરત ફોર્ટ | સુરત | સુરતનું શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ છે. અને  શહેરની સૌથી લોકપ્રિય ઐતિહાસિક સ્મારકોમાંનું એક છે. |
| ૪ | મોઢેરા સૂર્યમંદિર | મહેસાણા | સાંસકૃતિક વિરાસત અને દેશનું પહેલું સૌરગ્રામ |
| ૫ | મહાત્મા મંદિર/દાંડી કુટીર | ગાંધીનગર | વડાપ્રધાનશ્રીના વિઝનથી તૈયાર થયેલ કન્વેન્શન સેન્ટર |
| ૬ | ગિફ્ટ સિટી | ગાંધીનગર | દેશનું ફિનટેક કેપિટલ |
| ૭ | નડાબેટ | બનાસકાંઠા | સરહદ ટુરીઝમનું કેન્દ્ર |
| ૮ | પાવાગઢ | પંચમહાલ | ૫૧ શક્તિપીઠમાંથી એક અને ૫૦૦ વર્ષ બાદ વડાપ્રધાનશ્રીના હસ્તે ધ્વજારોહણ |
| ૯ | સાબરમતિ રેલવે સ્ટેશન | અમદાવાદ | દેશની પ્રથમ બુલેટ ટ્રેનનું સ્ટેશન |
| ૧૦ | i-Create | અમદાવાદ | i-Create(અમદાવાદ), ગુજરાતમાં વાઇબ્રન્ટ સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ નિર્માણના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને પરિપૂર્ણ કરવામાં  અગત્યનું યોગદાન આપી રહ્યું છે અને જે થકી યુવાનોમાં સ્ટાર્ટ અપ કલ્ચરને પ્રોત્સાહન મળી રહ્યું  છે. |




| ક્રમ | આઇકોનિક સ્થળ | જિલ્લો | મહત્વ |
|---|---|---|---|
| ૧૧ | વડનગર મોનેસ્ટરી/પ્રેરણા પ્રવાસ | મહેસાણા | ગુજરાતમાં બુદ્ધ પરંપરાના અવશેષો/વડાપ્રધાનશ્રીના વિઝન અનુસાર તૈયાર થયેલ શિક્ષણ કેન્દ્ર |
| ૧૨ | વડોદરા આઇકોનિક બસ પોર્ટ | વડોદરા | એરપોર્ટ પ્રકારનું બસ સ્ટેશન જેનું લોકાર્પણ વડાપ્રધાનશ્રીએ કર્યું છે. |
| ૧૩ | ઢાંકી પમ્પીંગ સ્ટેશન | સુરેન્દ્રનગર | વિશ્વનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન (By volume) |
| ૧૪ | માંડવી (શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ) | કચ્છ | સ્વંતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણવર્માનું મેમોરીયલ – "ક્રાંતિ તીર્થ" |
| ૧૫ | દાંડી | નવસારી | દાંડી સત્યાગ્રહનું મેમોરીયલ |
| ૧૬ | સ્મૃતિવન | કચ્છ | કચ્છના ભૂકંપના મૃત્યુ પામેલ લોકોની સ્મૃતિમાં બનાવેલ વન, વિશ્વના સાત શ્રેષ્ઠ મ્યુઝીયમની યાદીમાં સામેલ |
| ૧૭ | ચારણકા સોલાર પ્લાંટ | પાટણ | દેશનો જે તે સમયનો પહેલો સોલાર પાર્ક |
| ૧૮ | અંબાજી | બનાસકાંઠા | ૫૧ શક્તિપીઠમાંની એક શક્તિપીઠ અને મહત્વનું આસ્થાનું કેન્દ્ર |
| ૧૯ | દ્વારકા/સુદર્શન બ્રીજ | દેવભૂમિ દ્વારકા | ચાર ધામ તીર્થમાંનું એક તીર્થધામ |
| ૨૦ | પાલ દઢવાલ (આદિવાસી સ્મારક) | સાબરકાંઠા | આઝાદીના આંદોલનમાં આદિવાસી બલિદાનનું સ્મારક |
| ૨૧ | રૈયોલી ડાયનાસોર પાર્ક | બાલાસિનોર, ખેડા | દેશનું પહેલું અને વિશ્વનું ત્રીજું ડાયનાસોર ફોસિલ પાર્ક |
| ૨૨ | ભૂચર મોરી વન | જામનગર | ભૂચર મોરીના યુદ્ધની સ્મૃતિમાં વિકસાવેલું સાંસ્કૃતિક વન |
| ૨૩ | ગિરનાર રોપવે | જુનાગઢ | ભક્તો સરળતાથી દર્શન કરી શકે તે માટે વડાપ્રધાનશ્રીના વિઝન અનુસાર તૈયાર થયેલ રોપ વે |

सत्यमेव जयते

# આભાર